# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સુરતમાં ભગવાન બિરસા મુંડાની 150-મી જન્મજયંતી વર્ષની ઉજવણી.**
2. **બરડા વન્યજીવ અભયારણ્ય એશિયાટિક સિંહ માટેનું વૈજ્ઞાનિક અને વ્યૂહાત્મક સંરક્ષણ રહેઠાણ બન્યું.**
3. **દેશભરમાં આજે ભાઈ-બહેનના પવિત્ર સંબંધ-ના પર્વ રક્ષાબંધનની ઉજવણી.**
4. **તરણેતરના લોકમેળામાં યોજાનારી ગ્રામીણ ઑલિમ્પિક માટે આગામી 20 ઑગસ્ટ સુધી અરજી કરી શકાશે.**
5. **ઉત્તર, દક્ષિણ અને મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે સામાન્ય વરસાદની આગાહી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CM SURAT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સુરતના માંડવી ખાતે ભગવાન બિરસા મુંડાની 150-મી જન્મજયંતી વર્ષની ઉજવણી કરાશે. આ પ્રસંગે શ્રી પટેલ વિવિધ યોજનાઓના કરોડો રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

સાંભળીએ એક અહેવાલ.

## (V/C- AJAY INDREKAR)

*(...તાપી કાંઠે રિવરફ્રન્ટ ખાતે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મજયંતી વર્ષની ઉજવણી કરાશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓના અંદાજે 277 કરોડ રૂપિયાના એક હજાર 843 કામનું ખાતમુહૂર્ત તેમજ અંદાજે 102 કરોડ રૂપિયાના ખર્ચે બે હજાર 266 જેટલા કામનું લોકાર્પણ કરશે. ઉપરાંત મુખ્યમંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગ સુરત –બે-ના હસ્તકના 51 કરોડ રૂપિયાથી વધુના માર્ગોના કાર્યોનું તેમજ માંડવી ખાતે જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગના 12 કરોડ રૂપિયાના કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરશે.*

**અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)**

---

# WORLD LION DAY

રાજ્યનું બરડા વન્યજીવ અભયારણ્ય એશિયાટિક સિંહ માટેનું વૈજ્ઞાનિક અને વ્યૂહાત્મક સંરક્ષણ રહેઠાણ બન્યું છે. વર્ષ 2025ની ગણતરી મુજબ, બરડામાં કુલ 17 સિંહની હાજરી નોંધાઈ છે. એટલું જ નહીં , બરડા અભયારણ્ય હાલ 260થી વધુ પ્રાણીઓ અને જળચર પક્ષીઓનું નિવાસસ્થાન પણ છે. સાંભળીએ એક અહેવાલ.

## (V/C- KARAN MAKVANA)

(... ‘બરડા વન્યજીવ અભયારણ્ય ’ને સ્થાનિકો ‘બરડો’ તરીકે ઓળખે છે. આ સ્થળ પોરબંદર અને દેવભૂમિદ્વારકા જિલ્લામાં આવેલા અતિમહત્વના જૈવવિવિધતાવાળા પ્રદેશમાંથી એક છે. ભૂતકાળમાં પોરબંદર અને જામનગર રાજવંશોનું શિકાર ક્ષેત્ર રહેલું બરડા આજે એશિયાટિક સિંહના સંરક્ષણ માટે વિકસાવાયેલા વ્યાપક દ્રષ્ટિકોણ હેઠળનું મહત્વનું રહેઠાણ છે. અદાજે 192થી વધુ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલા અભયારણ્યમાં પથરાયેલા ડુંગરો , ઋતુગત નદીઓ, ઉચ્ચ પ્રદેશ, પાનખર જંગલો, વાંસના ઝાડ તથા ઐતિહાસિક અને ધાર્મિક સ્થળ સામેલ છે. કિલગંગા અને ઘોડાદરા જેવી નદીઓ તેમજ આભાપરા અને વેણુ ટેકરીઓ પણ બરડાની ભૌગોલિક ઓળખ બનાવે છે.

**કરણ મકવાણા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.**

---

## RAKSHA BANDHAN

રાજ્ય સહિત દેશભરમાં આજે ભાઈ-બહેનના પવિત્ર સંબંધ-ના પર્વ રક્ષાબંધનની ઉત્સાહપૂર્વક ઉજવણી કરાશે. શ્રાવણી પૂનમના આ પાવન પર્વે બહેનો પોતાના ભાઈઓને રક્ષાની રાખડી બાંધી દિર્ઘાયુ કુશળતાની કામના કરે છે. બદલામાં ભાઈઓ તેમની બહેનોને ભેટ આપે છે.

તો, ગઈકાલે રાજ્યની વિવિધ જિલ્લાઓની શાળાઓમાં વિદ્યાર્થીઓએ એક દિવસ અગાઉ રક્ષાબંધનની ઉજવણી કરી. આ પર્વને લઈ અમદાવાદની **BRTS**

બસમાં તેમજ મહેસાણા અને સુરેન્દ્રનગરમાં આજે બહેનો સિટી બસમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે.

---

# RAKSHABANDHAN

પાટણમાં શાળાની વિદ્યાર્થિનીઓએ વેસ્ટમાંથી બેસ્ટ રાખડીઓ બનાવી પોલીસ અને દિવ્યાંગોને રાખડી બાંધી.

અમરેલીની શ્રી વારાહસ્વરૂપ પ્રાથમિક શાળામાં વિવિધ પ્રવૃતિઓ સાથે રક્ષાબંધનની ઉજવણી થઈ. બાળકોએ જાતે જ રાખડીઓ બનાવી અને વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ગાંધીનગરનાં સુશિલાબેને ભાઈ અને બહેનના પવિત્ર સંબંધનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું. તેમણે તેમનાં ભાઈ કિરણ પટેલને કિડની આપી નવજીવન આપ્યું છે. બે વર્ષ પહેલા કિડનીની બિમારીની જાણ થતાં કિરણ પટેલનાં ચારેય બહેનો ચિંતામાં આવી ગયાં હતાં. તેમનાં મોટા બહેન સુશિલાબહેનની કિડની મેચ થતા તેમને નવી કિડની મળી . અમદાવાદની સરકારી કિડની હૉસ્પિટલમાં કિડની પ્રત્યાર્પણની સફળ શસ્ત્રક્રિયા કરાવ્યાં બાદ દોઢ વર્ષથી તેઓ સ્વસ્થ જીવ જીવી રહ્યાં છે.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં મનોદિવ્યાંગ બાળકો માટેની વાત્સલ્ય શાળાના વિદ્યાર્થીઓએ ગઇકાલે ઉત્સાહપૂર્વક રક્ષાબંધનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ બાળકોને રક્ષાબંધન પર્વનુ મહત્વ સમજાવ્યું.

---

# MEHSANA INTEX CENTRE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે ગઈકાલે મહેસાણાના વિસનગરની સરકારી એમ. એન. મહાવિદ્યાલય ખાતે બાબાસાહેબ આંબેડકરના ઇન્ટેક્સ સેન્ટરનો પ્રારંભ કરાવ્યો. સેન્ટરમાં વિદ્યાર્થીઓ શરૂઆતથી જ ગુજરાત જાહેર સેવા આયોગ- **GPSC** અને કેન્દ્રીય જાહેર સેવા આયોગ- **UPSC**ની તૈયારી કરી શકશે. ઉપરાંત છ કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન ગ્રંથાલય પણ બનાવાશે તેમ આરોગ્ય મંત્રીએ જણાવ્યું.

**(BYTE: RUSHIKESH PATEL, HEALTH MINISTER)**

---

# TIRANGA YATRA

રાજ્યભરમાં ‘હર ઘર તિરંગા અભિયાન’ની ઉજવણી થઈ રહી છે. તે અંતર્ગત મહેસાણા જિલ્લાની વિવિધ શાળાઓમાં સ્વચ્છતા રેલી , નિબંધ લેખન , ત્રિરંગા યાત્રા અને રંગોળી જેવી પ્રવૃતિઓનું આયોજન કરાયું.

સાબરકાંઠાની પ્રાથમિક , માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રંગોળી અને ચિત્ર સ્પર્ધા યોજાઈ. દરમિયાન વિદ્યાર્થીઓએ દેશપ્રેમ , રાષ્ટ્રધ્વજનું મહત્વ, સ્વચ્છતા અને એકતા જેવા વિષય પર ચિત્રો અને રંગોળી બનાવી.

‘હર ઘર તિરંગા ’ અભિયાન અંતર્ગત નોંધણી કરાવનારી રાજકોટની એક હજાર 202 સરકારી અને ખાનગી શાળાઓમાં વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે.

શાળાઓમાં સ્માર્ટ બોર્ડની મદદથી યોજાયેલી પ્રશ્નોત્તરી સ્પર્ધામાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો

---

## GRAMIN OLYMPIC

સુરેન્દ્રનગરના થાનગઢ તાલુકામાં પ્રખ્યાત તરણેતરના લોકમેળામાં 26થી 28 ઑગસ્ટ સુધી "20-મી ગ્રામીણ ઑલિમ્પિક " યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા રમતવીરો આગામી 20 ઑગસ્ટ સુધી અરજી કરી શકશે. તેમણે પોતાની અરજી લીંબડીમાં જિલ્લા રમત વિકાસ અધિકારીને મોકલવાની રહેશે એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ગ્રામીણ ઑલિમ્પિકમાં પહેલા દિવસે 16 વર્ષની વય સુધીના ભાઈઓ અને બહેનો માટે 100 , 200 અને 800 મીટર દોડ તથા લાંબી કૂદની રમત યોજાશે. જ્યારે ઑપન શ્રેણીના ભાઈઓ અને બહેનો માટે 100 , 400 અને 800 મીટર દોડ , ગોળાફેંક અને 12 વર્ષના બાળકો માટે લંગડી સહિતની સ્પર્ધાઓ યોજાશે.

---

## PATAN MP RAJUAAT

પાટણના સાંસદ ભરતસિંહ ડાભીએ તહેવારોમાં જાહેર સલામતીને લઈ આગોતરા આયોજન અંગે વહીવટી તંત્રને પગલાં લેવા અનુરોધ કર્યો છે. કલેક્ટરને લખેલા પત્રમાં શ્રી ડાભીએ જણાવ્યું, આગામી દિવસોમાં જન્માષ્ટમી અને ગણેશોત્સવ આવી રહ્યા છે.

આ તહેવારોમાં સરસ્વતી નદી , ડેમ વિસ્તાર ગામના અને શહેરના તળાવ , મોટા નેહરોમાં કે અન્ય વિસર્જન સ્થળોએ મોટી સંખ્યામાં આવતા લોકો માટે વ્યવસ્થાનું યોગ્ય આયોજન કરવા શ્રી ડાભીએ જણાવ્યું છે.

---

## WEATHER FORECAST

રાજ્યમાં વરસાદનું જોર ઘટી રહ્યું છે . ગઈકાલે રાત્રે આઠ વાગ્યા સુધીમાં માત્ર નવ તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 64 ટકા જેટલો વરસાદ થયો છે. દરમિયાન સૌથી વધુ સરેરાશ 68 ટકા જેટલો વરસાદ દક્ષિણ ગુજરાતમાં નોંધાયો છે. સાથે જ હાલ 30 બંધ 100 ટકા ભરાઈ ગયા છે. બીજી તરફ , 12 ઑગસ્ટ સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના છે.

દરમિયાન હવામાન વિભાગે આગામી 15 ઑગસ્ટ સુધી રાજ્યના કેટલાક જિલ્લામાં સામાન્ય વરસાદની આગાહી કરી છે. આજે ઉત્તર , દક્ષિણ, મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્ર –કચ્છના કેટલાક જિલ્લામાં છૂટાછવાયા સ્થળ પર સામાન્ય વરસાદની સંભાવના છે.

---

## TRAIN CANCELED

રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રૅકના કામને લઈ કેટલીક ટ્રૅનને અસર થશે એમ રેલવેની યાદીમાં જણાવાયું છે. તે મુજબ , ભાવનગર–ઓખા એક્સપ્રેસ 21મીએ

અને ઓખા –ભાવનગર એક્સપ્રેસ 22 ઑગસ્ટે રદ રહેશે. જ્યારે 21મીએ મુંબઈ સેન્ટ્રલથી ઉપડનારી મુંબઈ સેન્ટ્રલ –ઓખા સૌરાષ્ટ્ર મેલને જામનગર સુધી શૉર્ટ ટર્મિનેટ કરાશે. તેથી આ ટ્રેન જામનગર–ઓખા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

જ્યારે 20 ઑગસ્ટે એર્નાકુલમથી ઉપડનારી એર્નાકુલમ –ઓખા એક્સપ્રેસને હાપામાં શૉર્ટ ટર્મિનેટ કરાતા આ ટ્રેન હાપા –ઓખા વચ્ચે તેમજ 22 ઑગસ્ટે ઓખા–મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ ઓખાને બદલે જામનગરથી શરૂ થશે. તેથી આ ટ્રેન ઓખા–જામનગર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

---

# VAYUSENA PILOT

વડોદરાની મહારાજા સયાજીરાવ વિશ્વ-વિદ્યાલયનાં વિદ્યાર્થિની યક્ષિકા ખત્રીની ભારતીય વાયુસેનામાં પાયલટ તરીકે પસંદગી થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફેકલ્ટી ઑફ આર્ટ્સનાં આ વિદ્યાર્થિનીને પસંદગી બદલ અભિનંદન પાઠવ્યા છે.

શુભેચ્છા પત્રમાં શ્રી પટેલે લખ્યું , મહિલાઓએ હંમેશા સમાજ અને દેશના ઉત્કર્ષમાં મહત્વની ભૂમિકા ભજવી છે. વિવિધ યોજનાઓ થકી મહિલાઓ શિક્ષણ , વ્યવસાય અને સંરક્ષણ જેવા ક્ષેત્રમાં આગળ વધી રહી છે.

શ્રી પટેલે યક્ષિકા ખત્રીને દેશની અન્ય મહિલાઓ માટે પ્રેરણાદાયક ગણાવ્યાં. તેમજ આ જ રીતે જીવનમાં પ્રગતિના સોપાન સર કરવા અને દેશ સેવા કરવા શુભકામનાઓ સાથે શુભેચ્છાઓ પાઠવી.

---

# RAJKOT LOKMELO

રાજકોટના લોકમેળાનું નામ ‘શૌર્યનું સિંદૂર લોકમેળો-૨૦૨૫ ’ રખાયું છે. લોકમેળાનું નામ રાખવા લોકો પાસેથી બે હજાર 950 જેટલા સૂચન મળ્યા હતા, જેમાં રાજકોટના ધાર્મી ચીકાણીએ રજૂ કરેલા નામની પસંદગી થઈ હતી. આગામી 14થી 18 ઓગસ્ટ દરમિયાન દ્વારા રેસકોર્સના મેદાનમાં આ લોકમેળો યોજાશે.